ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



શર્મિષ્ઠાબેન પી. ઠાકર
(૨-૮-૧૯૫૮)
મો. ૯૮૨૫૦૨૦૧૪૧



ભરતકુમાર ડી. મોદી
(ન્યૂઝપેપર એજન્ટ)
મો. ૮૪૦૧૩ ૧૨૭૬૭



લાભશંકર સી. રાવલ
(૨-૮-૧૯૪૧)
ફોન : ૨૩૨૩૪૫૩૫

### એનએસએસ વર્કશોપમાં વિદ્યાર્થીનીઓ ઝળકી

ગાંધીનગર, તા. ૧

અડાલજ માણેકબા વિનય વિહાર સંકુલમાં એનએસએસ સ્વયં સેવકો માટે વર્કશોપ યોજાયો હતો. જેમાં પી કે ચૌધરી કોલેજની શ્રદ્ધા પટેલ અને વિનિશા ચૌધરીએ રસ્સાખેંચ સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવ્યો હતો. અંતાક્ષરીમાં રીંકલ ભંગીએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. વિજેતા વિદ્યાર્થીનીઓને પ્રોગ્રામ ઓફિસરે અભિનંદન પાઠવ્યા હતા.

# મહિલા સશક્તિકરણ નિમિત્તે આજે દીકરી દિવસ મનાવાશે

## પરિવારમાં દીકરીના જન્મને વધાવવાના સંદર્ભે એક લઘુનાટિકા પ્રદર્શનો, ટીવી સ્પોટ વગેરે બાબતો આ કાર્યક્રમમાં દર્શાવાશે

ગાંધીનગર, તા.૧

સમાજમાં ઘટતી જતી દીકરીઓની સંખ્યાની સમસ્યાને ગંભીર ગણીને સરકારે તેના ઉકેલ માટે કમર કસી છે. તેના સંદર્ભે મુખ્યમંત્રીની પ્રેરણાથી તા. ૧ ઑગસ્ટથી મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી કરવામાં આવી રહી છે.

જિલ્લા આરોગ્યતંત્ર, ગાંધીનગર દ્વારા ૨ ઑગસ્ટે દીકરી દિવસની ઉજવણી કરવામાં આવશે. જી.એમ. ઈ.આર. એસ. ઑડિટોરિયમ હૉલ, સિવિલ હૉસ્પિટલ, ગાંધીનગર ખાતે આ અંગે એક કાર્યક્રમનું આયોજન કરાયું છે.

કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લા પંચાયતનાં પ્રમુખ શ્રીમતી હિનાબહેન પટેલ, જિલ્લા આરોગ્ય સમિતિના ચેરમેનનું સીધું માર્ગદર્શન રહેશે. સમાજમાં દીકરીઓની ઘટતી જતી સંખ્યાને કેન્દ્રમાં રાખીને દીકરીના મહત્ત્વ અંગે મહાનુભાવોનાં વક્તવ્યો યોજાશે. તે ઉપરાંત, આ દિશામાં કાનૂની તથા તબીબી બાબતોના દ્રષ્ટિકોણની પણ રજૂઆત કરાશે.

વધુમાં, જેમણે બે દીકરીઓના જન્મ બાદ કુટુંબ-કલ્યાણની કાયમી પદ્ધતિ અપનાવી હોય તેવાં ગ્રામીણ તથા શહેરી વિસ્તારોનાં ૧૨ જેટલાં દંપતીઓને આ કાર્યક્રમમાં પ્રશસ્તિપત્ર આપીને તેમને સન્માનવામાં આવશે. આરોગ્યની વિવિધ યોજનાઓ પૈકી કસ્તૂરબા પોષણ સહાય યોજના તથા અન્ય યોજનાઓના ૨૦થી વધારે લાભાર્થીઓને ચૅક-વિતરણ કરાશે. તો, દીકરીને વધાવવાના સંદર્ભે શપથ-ગ્રહણ કરાશે. પરિવારમાં દીકરીના જન્મને વધાવવાના સંદર્ભે એક લઘુનાટિકા, વિષયને લગતાં પ્રદર્શનો, ટીવી સ્પોટ વગેરે બાબતો આ કાર્યક્રમમાં દર્શાવાશે. કાર્યક્રમમાં મેયર, ધારાસભ્ય તથા ઉચ્ચ પદાધિકારીઓ વગેરે ઉપસ્થિત રહેશે.

### જયપ્રકાશ વિદ્યાલયમાં ગુરુપૂર્ણિમા પર્વની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૧

સે.૨૬માં કાર્યરત શ્રી જયપ્રકાશ વિદ્યાલય ખાતે ગુરુપૂર્ણિમા પર્વની ઉજવણી પરંપરાગત રીતે કરાઈ હતી. ભારતીય સંસ્કૃતિના આધારસ્તંભ એવા ગુરુની કૃપા દરેક માટે જરૂરી છે, તેમ કહીને ગુરુના મહત્ત્વ અંગે શાળાના આચાર્યશ્રી રાકેશભાઈએ શાળાના વિદ્યાર્થીઓને વિગતે સમજ પૂરી પાડી હતી અને પ્રેરક પ્રસંગો પણ વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કર્યા હતા.

આચાર્યશ્રીની સાથે-સાથે ઉચ્ચતર માધ્યમિક વિભાગ તથા માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓએ પણ ગુરુપરંપરા અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા અને ગુરુ પ્રત્યે પોતાની શ્રદ્ધા વ્યક્ત કરી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષકશ્રી સચિનભાઈ પટેલે કર્યું હતું.

### ડૉ. એપીજે અબ્દુલ કલામને રકતદાન થકી શ્રધ્ધાંજલિ



ગાંધીનગર અને અમદાવાદની ૧૦૮ ઈમરજન્સી સેવાની ટીમે ભારતના લોક લાડીલા પૂર્વ રાષ્ટ્રપતિ સ્વ. એપીજે અબ્દુલ કલામને શ્રધ્ધાંજલિ આપવા રકતદાન કેમ્પનું આયોજન કર્યું હતું. વર્ષના ૩૬૫ દિવસ ૨૪ કલાક નાગરિકોની મુશ્કેલી સમયની સેવામાં હંમેસા અગ્રેસર રહેતી ૧૦૮ સેવાના કર્મચારીઓએ આ રકતદાન શિબિર દ્વારા ડૉ. કલામને સાચી શ્રધ્ધાંજલિનું ઉત્તમ ઉદાહરણ પુરું પાડયું હતું.

## પતંજલિ યોગ સાધના દ્વારા ટ્રસ્ટની નવી કારોબારી સમિતિની રચના

ગાંધીનગર, તા. ૧

તાજેતરમાં સે. ૨૩ શ્રી અરવિંદ સાધના કેન્દ્ર ખાતે પતંજલિ યોગ સાધના ટ્રસ્ટની કારાબોરી મિટિંગ આયોજીત થઈ. આ મિટિંગના ખાસ હેતુઓ જેવા કે નવી કારોબારીની વરણી કરવી, યોગ અને પ્રાણાયામ ગાંધીનગરજનોમાં રોજીંદા ક્રમનો હિસ્સો બને તેમજ વ્યાપ વધે અને યોગભવનના નિર્માણ માટે સરકારના સહયોગથી જમીન ફાળવણીની અપીલ વગેરે જેવા રહ્યા હતા. બેઠકની શરૂઆતમાં ટ્રસ્ટનાં ખજાનચી શ્રી ભૂપેન્દ્રસિંહ ચૌહાણે તમામ કારોબારીના સભ્યોને આવકારતા ગત વર્ષનો નાણાંકીય અહેવાલ રજુ કર્યો હતો. ત્યારબાદ પતંજલિ યોગ સાધના ટ્રસ્ટના પ્રમુખ શ્રી દિનેશસિંહ ચાવડાએ કારોબારીના તમામ સભ્યોને આવકારતા ઉપસ્થિત સભ્યો સમક્ષ નવી કારોબારીની વરણી કરી જેમાં ટ્રસ્ટના પ્રમુખ શ્રી દિનેશસિંહ ચાવડા, ઉપપ્રમુખ સત્યપ્રકાશ સૂરી, સેક્રેટરી ડૉ. જયેશ જે. તન્ના તેમજ ખજાનચી શ્રી ભૂપેન્દ્રસિંહ ચૌહાણ અને સહમંત્રી શ્રી વિનોદભાઈ સોની તેમજ કારોબારી સભ્યો શ્રી બંકિમભાઈ મેહતા, શ્રી ડી.એમ. મોજિદ્રા વગેરેની જાહેરાત કરી હતી.

ટ્રસ્ટના ઉપપ્રમુખ સત્યપ્રકાશ સૂરિએ પોતાની લાગણી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે આપણી પાસે પુરતા પ્રમાણમાં સગવડતા નથી છતાં પણ છેલ્લા ૨૨ વર્ષથી 'શ્રી અરવિંદ સાધના કેદ્રના સહયોગથી અનેક રોગિષ્ઠ લોકોને આપણે તંદુરસ્ત સ્વાસ્થ્ય પ્રદાન કર્યુ છે. કારોબારીના અન્ય સભ્યો તેમજ વરિષ્ઠ વડીલ શ્રી આર.સી. શાહે પતંજલિ યોગ સાધના ટ્રસ્ટ દ્વારા યોગ વિષયક પ્રવૃત્તિઓ ખુબજ આગળ વધે અને નવા સભ્યો જોડાય તેવી અપીલ કરી હતી.

### ગજાનન સેવા સમિતિએ સેવાકાર્ય કર્યું

ગાંધીનગર, તા.૩૦

ગજાનન સેવા સમિતિ દ્વારા ભિલોડા તાલુકામાં ૬૭ નિરાધાર બહેનોને જીવન જરૂરિયાતની વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સેવાકાર્ય અંતર્ગત આઠ શાળામાં ૩૪૦ બોલપેન, ૧૬૦ દેશી હિસાબ, ૧૯૦ પેન્સિલ-રબર સહિત શિક્ષણ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું તેમજ ખાદ્ય સામગ્રીનું વિતરણ કરાયું હતું.

## ગુરૂપૂર્ણિમાએ જ બાળકો 'અક્ષરજ્ઞાન'થી વંચિત રહી ગયા



ગાંધીનગરના સર્વ વિદ્યાલય કેમ્પસના કેટલાક શિક્ષકો દ્વારા ઘ-૬ સર્કલ નજીક ઝુંપડપટ્ટીમાં રહેતા શ્રમજીવીઓના જરૂરિયાતમંદ બાળકોને વિનામૂલ્યે 'અક્ષરજ્ઞાન' આપે છે. તેમનું 'અક્ષરજ્ઞાન'નું બાંકડાવાળુ સ્થળ તાજેતરમાં આવેલા તોફાની વરસાદ-વાવાઝોડામાં ઉખડીને પડી ગયેલા વૃક્ષો હેઠળ દબાઈ જવા પામ્યું છે. મૂળસોતા ઉખડી ગયેલા ૧૯ ઘટાટોપ વૃક્ષોએ અહીના ગણા છાપરાનો કચ્ચરઘાણ વાળી દીધો છે. આ પરિસ્થિતિમાં શ્રમજીવીઓના બાળકોના 'અક્ષરજ્ઞાન' વર્ગો અટકી પડ્યાં છે. (તસવીર : સમીર રામી)

## ફ્રેન્ડશીપ બેલ્ટ સામે શિક્ષકો દબંગ બન્યા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરની વિવિધ ખાનગી શાળાઓમાં શિક્ષકોએ આજે ફ્રેન્ડશીપ બેલ્ટ સામે વિરોધનો સૂર ઊઠાવી વિદ્યાર્થીઓના હાથમાંથી ફ્રેન્ડશીપ બેલ્ટ કઢાવી નાંખ્યા હતા.

નવી પેઢી આધુનિકતાના રંગે ન રંગાય તો જ નવાઈ ને આધુનિક સમયમાં ફ્રેન્ડશીપ દર્શાવવા માટે ફ્રેન્ડશીપ બેલ્ટને માધ્યમ બનાવવામાં આવે છે એ વાતથી સૌ અવગત છે. એમાંય કિશોર કે યુવા વય ધરાવતી વ્યક્તિઓ તો પોતાના હાથમાં ફ્રેન્ડશીપ બેલ્ટ હોય એને પોતાનું ગૌરવ સમજે છે ને એનું પ્રદર્શન પણ ગૌરવભેર કરે છે.

પરંતુ, ગાંધીનગરના શિક્ષકોને આ પ્રદર્શન મંજૂર નથી એ બાબતની સાબિતી છેલ્લાં ચારેક વર્ષથી મળી રહી છે. શહેરની વિવિધ ખાનગી શાળાઓમાં ફ્રેન્ડશીપ ડે નજીક હોય ત્યારે શિક્ષકો રીતસર ચૅકીંગ કરવા નીકળી પડે છે. વિદ્યાર્થીઓના હાથ તો ઠીક, ખિસ્સાં અને દફતરો પણ ચૅક કરવામાં આવે છે. શોધી-શોધીને ફ્રેન્ડશીપ બેલ્ટ વિદ્યાર્થીઓ પાસેથી લઈ લેવામાં આવે છે.

એવી જ એક ઝૂંબેશ આજે પણ શહેરની વિવિધ ખાનગી શાળાઓમાં ચાલી હતી અને વિદ્યાર્થીઓના હાથમાંથી ને સંતાડેલા ફ્રેન્ડશીપ બેલ્ટ પણ શિક્ષકો અને મૉનીટર્સ દ્વારા શોધી કાઢવામાં આવ્યા હતા. આ કારણે મૉનીટર્સ અને વિદ્યાર્થીઓ વચ્ચે ઘર્ષણ સર્જાવાના કિસ્સાઓ પણ બન્યા હતા અને કેટલીક સ્કૂલ્સમાં તો શિક્ષકોએ કોથળો ભરીને ફ્રેન્ડશીપ બેલ્ટ વિદ્યાર્થીઓ પાસેથી શોધીને સ્કૂલ બહાર ફેંકાવી દીધા હતા.

## સૌરાષ્ટ્ર-કચ્છ યુવકમંડળની રચના

ગાંધીનગર, તા.૧

સે.૨૮માં આવેલા સૌરાષ્ટ્ર-કચ્છ સમાજસેવા ટ્રસ્ટ દ્વારા 'સૌરાષ્ટ્ર-કચ્છ યુવક મંડળ' નામની તેની યુવાપાંખની રચના કરવામાં આવી છે. ગાંધીનગરમાં વસતા સૌરાષ્ટ્ર-કચ્છનાં કુટુંબોના આગેવાનોને આ મંડળમાં જોડાવાનો મંડળ તરફથી અનુરોધ કરાયો છે.

ટ્રસ્ટ છેલ્લાં આઠ વર્ષથી ગાંધીનગરમાં સમાજોપયોગી પ્રવૃત્તિઓ કરી રહ્યું છે. મંડળના આગેવાન શ્રી સી. એલ. મહેતાના નિવાસસ્થાને મળેલી એક બેઠકમાં આ નવા મંડળની રચનાનો નિર્ણય લેવાયો હતો.

આ નવરચિત મંડળની કારોબારીમાં પીયૂષ પંડ્યા, મીતેશ સુરેલિયા, અશ્વિન બાલસ, કોહિનૂર હિંગુ, ધૈવત મહેતા, રાજન હિંગુ, અંકિત દવે વગેરેનો સમાવેશ થાય છે. જે યુવાનો આ મંડળમાં જોડાવા માગતા હોય તેમણે પીયૂષ પંડ્યા-૯૭૧૪૬૪૦૨૧૦, અશ્વિન બાલસ-૯૮૨૫૪૬૨૨૧૪ તથા રાજન હિંગુ-૯૪૦૯૬૪૭૫૫૯નો સંપર્ક સાધવા માટે ટ્રસ્ટની યાદીમાં જણાવાયું છે.

### જેએમ ચૌધરી વિદ્યાલય ટેક્વોન ડોમાં પ્રથમ

ગાંધીનગર, તા. ૧


શ્રી જે એમ ચૌધરી કન્યા વિદ્યાલયની વિદ્યાર્થી-નીઓએ ટેક્વોન ડો સ્પર્ધામાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરીને રાજ્ય કક્ષાની સ્પર્ધામાં પસંદગી નિશ્ચિત કરી છે.

ચૌધરી કાજલ, ચૌધરી વર્ષા, ચૌધરી જયશ્રી, ચૌધરી રીટાબેન, ગામિતી પરમેશ્વરી, ચૌધરી રીટા એ, ચૌધરી અંજલી, ચૌધરી માયા, ચૌધરી કાજલ ટી, પટેલ દિવ્યા તથા જુડો સ્પર્ધામાં ચૌધરી શ્વેતા, ચૌધરી રિંકલ, પટેલ દષ્ટિ, ચૌધરી દિશા, ચૌધરી આરતી, ચૌધરી નીતા, ચૌધરી નીતિ વિજેતા બન્યા હતા.

# આજના ગાંધીનગરે પોતાની આધુનિક અને સક્ષમ શહેરની છાપ ઉપસાવી છે

રાષ્ટ્રપિતા ગાંધીજીના નામ પરથી જેનું નામકરણ થયું છે એ ગુજરાત રાજયના પાટનગર ગાંધીનગરનો આજે સ્થાપના દિવસ છે. ત્યારે સુવર્ણજયંતિની મજલ કાપીને બેઠેલું આ નગર આ સમયગાળામાં કેટલું અને કેવું વિકસ્યું છે એ જાણવું રસભર્યું બની રહેશે.

સૌથી મહત્ત્વની બાબત એ કે દસ ગામોને એક કરીને બનાવવામાં આવેલું આ નગર એ પોતાનો કોઈ ઈતિહાસ ધરાવતું



નથી. કારણ કે ૫૧ વર્ષ પહેલાં તેનું અસ્તિત્વ જ ન હતું. હા, એનો છેલ્લાં ૫૦ વર્ષનો ઈતિહાસ કે પ્રગતિ ઊડીને આંખે વળગે એવી છે ખરી, બદલાવ નોંધી શકાય એવો છે ખરો. જેમકે, એક જમાનામાં આ શહેરમાં ફળાઉ વૃક્ષો ઝળુંબતાં હતાં અને સ્થાપના કાળે બાળ, કિશોર કે યુવાન વય જેમની હતી એ સૌએ આ ફળો - કેરી, જાંબુ, કોઠા, બોર, પપૈયાં - સાવ મફતમાં અને જાતે તોડીને ખાધાં છે. એવી જ રીતે ગુંદાનાં ઝાડ પણ ખરાં એટલે ગુંદા પણ સાવ મફતમાં મળી રહેતાં.

આજે ઉપરવાસમાં વધુ વરસાદ થાય ને પાણી છોડવામાં આવે તો જ જેમાં પાણી દેખાય છે એ સાબરમતી નદી બારેમાસ વહેતી હતી અને સૅક્ટર્સમાં પણ ઍસટી બસ દોડતી હતી, જે આજે માત્ર મુખ્ય માર્ગો ઉપર જ દોડે છે.

પ્રાથમિક સુવિધાઓની સાથે શહેરની સ્થાપના સમયે અહીં સ્મશાન પણ ન હતું, તેથી સ્વ. કે કા શાસ્ત્રી તો એમ પણ કહેતા કે 'આ શહેરમાં રહેનારા લોકો અમર રહેશે, કારણ કે અહીં સ્મશાન જ નથી!' ૭૦ના દાયકામાં શહેરમાં પ્રાથમિક સુવિધાઓનો વિકાસ થયો. આજની તોતીંગ સિવિલ હૉસ્પિટલ ત્યારે સૅક્ટર-૨૧માં લાયબ્રેરી સામે નાના સ્વરૂપમાં કાર્યરત હતી અને હાલની લાયબ્રેરી સૅક્ટર-૨૨માં એક સરકારી મકાનમાં ચાલતી હતી. ઍસટી ડૅપો સૅક્ટર-૨૯ની બહાર સરકારી મુદ્રણાલય પાસે કાર્યરત હતું ને પાવર હાઉસના ભૂંગળા પરથી સમયની જાણ થઈ જતી.

૧૯૭૦માં શહેરનાં ૧૬થી ૩૦ સૅક્ટર્સમાં સરકારી પ્રાથમિક શાળાની શરૂઆત થઈ, ૧૯૬૮માં અપના બજારની મુખ્ય શાખા સૅક્ટર-૨૮માં





કાર્યાન્વિત થઈ, સૅક્ટર-૧૬માં આદર્શ ભોજનાલયની શરૂઆત થઈ, ૧૯૬૯માં સૅક્ટર-૨૯ના બ્લૉકમાં સરકારી દવાખાનું શરૂ કરાયું, ૧૯૭૫માં સૅક્ટર-૨૧માં શાક માર્કેટ ફાળવવામાં આવી અને ૧૯૭૬માં આ શહેરના રેલવે સ્ટેશન પર પ્રથમવાર એક ટ્રેનનું આગમન થયું, એ માલગાડી હતી. એ પછી ૮૦ના દાયકામાં ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળીની રચના કરવામાં આવી ને એ પછી દૂધ પાઉચમાં મળતું પણ થયું. આ શહેરની સ્થાપના થઈ ત્યારે મનોરંજન કે ખાણીપીણી માટે કોઈ સગવડ ન હતી. અનેક પરિવારો વીકઍન્ડમાં ફિલ્મ જોવા માટે કે રૅસ્ટોરન્ટનું ખાણું લેવા માટે નિયમિત અમદાવાદની મુલાકાત લેતા હતા. રાત્રે ૧૦ વાગ્યા પછી ચ્હા પણ ન મળે એવી સ્થિતિ તો આ શહેરમાં વર્ષોથી રહી હતી. અડધી રાત્રે ચ્હા પીવાના શોખીનો અડાલજ કે પછી લાલ દરવાજા પહોંચી જતા એવો ક્રમ તેથી વર્ષો સુધી જળવાયો હતો. જોકે, હવે એવું રહ્યું નથી. હવે તો ચોવીસે કલાક નાસ્તો કે ચ્હા-પાણી જોઈતા હોય તો અહીં મળે છે ને એવી જ રીતે રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય સ્તરની હૉટેલ્સ અને ફરસાણ, મીઠાઈ બનાવતી દુકાનો પણ અહીં ઉપલબ્ધ છે. પીઝા એટલે શું એ આ શહેરના વડીલોનેય સ્થાપના કાળે ખબર ન હતી એ જ શહેરમાં હવે માંડ પગે ચાલતું થયેલું બાળક આંતરરાષ્ટ્રીય સ્તરના પીઝા ખાઈ શકે છે એ આ શહેરનો વિકાસ છે. મનોરંજન માટે ટાઉનહૉલ, આંબેડકર હૉલ, મૅડીકલ કૉલેજ હૉલ અને શહેરમાં તથા શહેરની બહાર બબ્બે મલ્ટીપ્લૅક્સ ઉપલબ્ધ છે. જ્યાં માત્ર સૅક્ટર્સના રંગમંચ પ્રવૃત્તિરત હતા એ શહેરના ટાઉનહૉલમાં હવે વર્ષેદહાડે ૪૦૦થી વધુ કાર્યક્રમો યોજાય છે.

એક સમયે માત્ર સરકારી મકાનો જ ધરાવતા ને પછીથી પાંચ રૂપિયાના ભાવે રહેણાંક માટેની જમીન આપતા આ શહેરમાં હવે ફ્લૅટ પણ પચાસ લાખ રૂપિયામાં મળે છે. વળી, શહેર અમદાવાદ તરફ વિસ્તર્યું છે, વિકસ્યું છે અને આ નવું વિકસેલું ગાંધીનગર હવે ન્યૂ ગાંધીનગર તરીકે ઓળખાય છે, જ્યાં આધુનિક મકાનોની અઢળક સ્કીમ્સ ઉપલબ્ધ છે ને આંતરરાષ્ટ્રીય કક્ષાનું શિક્ષણ આપતી વિવિધ ફૅકલ્ટીની કૉલેજીસ પણ છે. તો ગાંધીનગર શહેરમાં ને આસપાસ ઈન્ટરનેશનલ સ્કૂલ્સ પણ ખરી. ગાંધીનગરની ગણતરી કરવી હોય તો ન્યૂ ગાંધીનગરને પણ ધ્યાને લેવું પડે એટલી નોંધપાત્ર વસતિ આ વિસ્તારમાં આજે વસે છે, જેમાં ગુજરાતી ઉપરાંત દેશનાં અન્ય પ્રાંતોમાંથી આવેલા વિવિધભાષી મિશ્ર લોકો ઉપરાંત વિદેશથી આવેલા નાગરિકો પણ વસે છે. ગિફ્ટ સિટી, ઈન્ફોસિટી ને ટીસીઍસ જેવાં આધુનિક પરિમાણોએ ન માત્ર અહીંની રહેણીકરણી પરંતુ જીવન જોવાનો દૃષ્ટિકોણ પણ બદલી નાંખ્યો હોય એમ લાગે છે. દુનિયાનું ધ્યાન ખેંચતુ મહાત્મા મંદિર અને અક્ષરધામ તો ખરું જ.

આજના ગાંધીનગરમાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ છે, શિક્ષણ છે, રોજગારી છે, મનોરંજન છે, સંપત્તિ છે ને સાહિત્ય પણ છે. માત્ર સરકારી કર્મચારીઓના નગર તરીકે પોતાની છાપ એણે ભૂંસી નાંખી છે અને આધુનિક તથા સક્ષમ શહેરની છાપ ઉપસાવી છે.



### ગુજરાતનું ગાંધીનગર

ગૌરવવંતા ગુજરાતની આગવી અનેરી શાન સમું
'વાયબ્રન્ટ ગુજરાત'ની જેમ હંમેશા રહેતું ધબકતું
'ગરવી ગુજરાત'ના ગૌરવ સમું પાટનગર ગાંધીનગર
વેરાન જગ્યાનું આગવું ઘડતર થયું વર્ષોવર્ષથી
છે સુંદર મઝાનું લીલુંછમ, હરીયાળું આ ગ્રીન સિટી
પુનિતવન, ઈન્ફોસિટી, સરિતા ઉદ્યાન, સંત સરોવરથી
ગુજરાતની ગરિમાને શોભાવે આ અણમોલ નઝરાના
હવે ખીલી ઊઠ્યું ભર્યા ભાદર્યા વૃક્ષોને વનરાજીથી
કુદરતી સૌંદર્યના ખજાનાથી ભરપૂર, પર્યાવરણનું પ્રતીક
વિશ્વપ્રસિદ્ધ ભવ્ય બેનમૂન શાન છે અક્ષરધામ
બાગબગીચા, ફુઆરા ને ગૌરવપથ સમા છે આ સર્કલો
સુંદરતાનાં પ્રતીક એવા આ ગાંધીનગરના સ્થાપના દિને
સ્થાપના દિને સમગ્ર વિશ્વમાં પ્રથમ, અજોડ, બેનમૂન
ગુજરાતનું ગાંધીનગર અનેરૂં બને તેવી શુભેચ્છાઓ

- મહેન્દ્ર ચૌહાણ 'સાગર'

### ગાંધીનગરનાં હાઈકુ

પાટનગર
ગાંધી નામે બન્યું
છે શિરમોર

●

વસે છે અહીં
મંત્રી-તંત્રી-કર્મી ને
વેપારી ખરા

●

મહાત્મા નામે
બન્યું મંદિર એવું
શોભે રેંટિયે

●

પંચામૃત છે
નામ ધારી સર્કલ
શોભે સઘળા

ગાંધીનગર
ઘર-રોડ નામ છે
બારાખડીએ

●

પ્રકૃતિ ખીલે
વન્ય પશુ-પંખીઓ
કિલ્લો કરે

●

કાયદા બને
વિધાનસભા મહીં
ભવન શોભે

●

અક્ષર વસે
શ્રધ્ધાવાન નમે છે
અક્ષરધામે

- રઘુસિંહ ગોલ 'નીર'

## અજવાળામાં એકલા ચાલવા કરતાં અંધારામાં મિત્ર સાથે ચાલવું વધારે સારું

'મિત્ર એવો શોધવો જે ઢાલ સરીખો હોય, સુખમાં પાછળ પડી રહે, દુખમાં આગળ હોય.'

ગઈકાલની પેઢી આ ઉક્તિ સ્કૂલમાં શીખી હતી અને આજની પેઢી આ ઉક્તિ ન જાણતી હોવા છતાં મિત્રતાને તો પિછાણે જ છે, મિત્રતાનો અનુભવ તો કરે જ છે અને મિત્રતાની ઉજવણી પણ કરે જ છે. એ જ નાતે આજે દુનિયાની સાથે ગાંધીનગરમાં પણ 'ફ્રેન્ડશીપ ડે ઉજવાઈ રહ્યો છે.'

મિત્રતાનું નામ લઈએ ત્યારે સૌપ્રથમ નામો જે આંખ સામે આવે એ છે કૃષ્ણ અને સુદામાનાં નામો. દોસ્તી હોય તો આવી હોય! એવો ભાવ મનમાં જાગી આવે ને અકિંચન સુદામાને કૃષ્ણે સ્નેહથી કરેલી સહાયનો આખો કિસ્સો પણ સ્મરણપટ ઉપર ઉપસી આવે, એવી એમની દોસ્તી.

પણ આજના ઍસઍમઍસીયા ને વૉટ્સઍપીયા જમાનામાં ઘટનાઓ-કિસ્સાઓની લાંબી ચર્ચા ન કરતાં ફ્રેન્ડશીપને દુનિયાના મહાનુભાવોની દૃષ્ટિએ ને શૉર્ટ મૅસેજીસથી જ માણીએ.

- દોસ્તી શું છે? એ બે શરીરમાં રહેતી એક આત્મા છે... ઍરીસ્ટોટલ
- મિત્રો ધૂપસળી જેવા, ફૂલ જેવા હોય છે, બાળીએ તોય સુવાસ આપે છે ને ચૂંટીએ તોય સુવાસ આપે છે... "જાન" શબ્દિલ
- તમારો મિત્ર એ તમારા હાસ્ય પાછળનું દુ:ખ વગર કહ્યે સમજી લેનારો એક હમદર્દ છે... "જાન" શબ્દિલ
- મિત્રો ઓરડાની દિવાલ જેવા હોય છે, જે આપણી વાતનો પડઘો તો પાડે છે, પણ વાત બહાર જેવા દેતા નથી.
- તમારું મૌન ન ઝંખે અને તમારી આગળ વધવાની તકનો ઈનકાર ન કરે તે તમારો મિત્ર... ઍલિસ વૉકર
- મિત્ર એટલે એ વ્યક્તિ જે તમે બોલો ત્યારે સાંભળે, રૂદન કરો ત્યારે સમજે અને ચાલો ત્યારે તમારો માર્ગદર્શક બને.
- મિત્ર એટલે એ વ્યક્તિ જે તમે હસો ત્યારે હસે છે અને તમે રડો ત્યારે સાંત્વના માટે તમારો હાથ પકડી લે છે.
- ઓરડામાં એક ચિત્ર હોય પૂરતું છે,
  જીવનમાં એક મિત્ર હોય પૂરતું છે.
  મિલાવ દોસ્ત, હાથ ભલે મેલોઘેલો છે,
  આદમી દિલથી પવિત્ર હોય એ પૂરતું છે.... રાજેશ વ્યાસ 'મિસ્કીન'
- મિત્રો એ બૅન્કમાં રાખેલી થાપણ જેવા હોય છે, જેટલો વધુ સમય તમે એમને સાચવો એટલા વધુ એ અમોલાં બને છે.
- જે તમારી સાથે ન હોય ને તેમ છતાં તમારા ચહેરા પર જેની યાદ આવતાં જ સ્મિત આવી જાય એ તમારો મિત્ર.
- સાચો મિત્ર એ છે જેને તમે દરેક પળે દુખી કરો છે અને એ તમને દરેક પળે માફ કરી દે છે.
- અજવાળામાં એકલા ચાલવા કરતાં અંધારામાં મિત્ર સાથે ચાલવું વધારે સારું છે... હૅલન કેલર
- મિત્રતા એ મીઠી જવાબદારી છે, તક નહીં... ખલિલ જિબ્રાન
- મિત્રો એ સ્વાસ્થ્ય જેવા હોય છે, એ હોય ત્યાં સુધી એમનું મહત્ત્વ સમજાતું નથી, ન હોય ત્યારે બરાબર સમજાય છે... ચાર્લ્સ કૉલ્ટન
- મિત્ર એ વ્યક્તિ છે જે ત્યારે પણ તમારી સાથે ચાલે છે જ્યારે આખી દુનિયા તમારો સાથ છોડી દે છે... વૉલ્ટર વિન્ચેલ
- તમારો મિત્ર એ વ્યક્તિ છે જે તમારા વિશે બધું જ જાણે છે અને તોય તમને પસંદ કરે છે... ઍલ્બર્ટ હબાર્ડ
- તમે આખી દુનિયાને મૂર્ખ બનાવી શકો, પણ તમારો મિત્ર તમારું દર્દ અને સચ્ચાઈ જાણી જ લે છે.